સવારે ચા સાંજે
# અકિલા
તા.૧૨ એપ્રિલ ૨૦૧૧ વિક્રમ સંવત ૨૦૬૭ ચૈત્ર સુદ - ૯ મંગળવા



## શ્રી સત્ય સાઇ હાર્ટ હોસ્પિટલમાં બે દિ'માં આઠ દર્દીઓને જીવનદાન



રાજકોટ તા.૧૨ : ભગવાન શ્રી સત્ય સાઇ બાબાના માર્ગદર્શન અને આર્શીવાદ હેઠળ ચાલતી રાજકોટની શ્રી સત્ય સાઇ હાર્ટ હોસ્પિટલ હૃદયરોગના અત્યંત મોંઘા ઓપરેશન વિનામુલ્યે કરે છે. આ કારણે આ હોસ્પિટલ 'દિલ વિધાઉટ બિલ'ના નામે જાણીતી છે. તારીખ ૯ તથા ૧૦ એપ્રિલ એમ બે દિવસમાં આ હોસ્પિટલ દ્વારા આઠ ઓપરેશન કરવામાં આવ્યા છે. આ તમામ ઓપરેશન શ્રી સત્ય સાઇ હાર્ટ હોસ્પિટલ ખાતે સેવા આપતા ડૉ.ભૂપેશ શાહ દ્વારા કરવામાં આવ્યા હતા. તમામ દર્દીઓની તબિયત હાલ સારી છે અને ટૂંક સમયમાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.

આ આઠ દર્દીઓમાંથી પાંચ દર્દીઓ સુરત ખાતે ૨૭ માર્ચ, ૨૦૧૧ના રોજ યોજાયેલા હાર્ટ કેમ્પના દર્દીઓ છે. જ્યારે એક દર્દી અમરેલી, એક દર્દી મહેસાણા તથા એક દર્દી અમદાવાદ જિલ્લાના છે.

સુરત ખાતે રહેતા શશીકાંત રાના નાની નોકરી કરીને જીવન ગુજારે છે. તેમને માસિક આવક છ હજાર રૂપિયા જેટલી છે. શશીકાંતભાઇ ઘણા વખતથી હૃદયની તકલીફથી પીડાતા હતા. જો કે ડોકટરોએ ઓપરેશનનો ખર્ચ એક લાખ રૂપિયા કહ્યો હતો પરંતુ પરિવારનું ગુજરાન પણ જો આટલી મર્યાદિત આવકમાં ચલાવવુ અઘરૂં હોય તો હૃદયરોગ જેવી બિમારીની તો વાત જ કયા કરવી ? આ દરમિયાન સુરત ખાતે યોજાયેલા હાર્ટ કેમ્પ વિશે તેમને જાણવા મળ્યુ અને ત્યા તેમને મફત તપાસવામાં આવ્યા. શશીકાંતભાઇને કેમ્પમાં જ ઓપરેશનની તારીખ આપવામાં આવી હતી. ડૉ.ભૂપેશ શાહે ગઇકાલે તેમનું ઓપરેશન કર્યુ અને હૃદય રોગથી પીડાતા શશીકાંતભાઇને નવજીવન મળ્યુ છે.

આવો જ કિસ્સો સુરત ખાતે રહેતા ૫૨ વર્ષીય પુરૂષોતમભાઇ સઇજાનો પણ છે. ખેતમજૂરી કરીને મહિને માંડ ત્રણ હજાર જેટલી નાની આવક ધરાવતા પુરૂષોતમભાઇ માટે ડોકટરોએ કહેલ ૯૦ હજાર રૂપિયા એકઠા કરવા એ અશકય વાત હતી. તો બીજી તરફ સુરત જિલ્લાના મનુભાઇના માથે ચાર જણાના પરિવારને પોષવાની તો જવાબદારી હતી. પણ સાથે સાથે તેમણે હૃદયરોગ સામે લડતા પણ રહેવુ પડતુ હતુ. મજૂરી કામ કરતા મનુભાઇની હાલત દિવસે દિવસે બગડતી જતી હતી. પરંતુ સુરત ખાતે ૨૭ તારીખે યોજાયેલા કેમ્પમાં મનુભાઇ તથા પુરૂષોતમભાઇ બંનેના મફતમાં નિદાન થયા અને માત્ર પંદર દિવસના ટુંકા ગાળામાં તેમના વિનામુલ્યે ઓપરેશન પણ થઇ ગયા. આ તમામ દર્દીઓની તબિયત સ્વસ્થ છે.

### બે દિવસમાં થયેલ આઠ ઓપરેશન

| નામ | ઉંમર | જિલ્લો |
|---|---|---|
| શશીકાંત રાના | ૫૬ વર્ષ | સુરત |
| પુરૂષોતમભાઇ સઇજા | ૫૨વર્ષ | સુરત |
| મનુભાઇ પટેલ | ૫૯વર્ષ | સુરત |
| રાયસિંગભાઇ ગામિત | ૫૭વર્ષ | તાપી |
| પ્રવિણભાઇ મકવાણા | ૫૨વર્ષ | પંચમહાલ |
| ભીખાભાઇ પરમાર | ૪૫વર્ષ | અમરેલી |
| રણજીતસિંધ ઝાલા | ૫૯વર્ષ | મહેસાણા |
| ભુપતભાઇ પરાજિયા | ૩૫ વર્ષ | અમદાવાદ |